# શિવસેના-ભાજપ વચ્ચેના મતભેદ યથાવત

મુંબઈ,તા. ૨૧

મહારાષ્ટ્રમાં શિવસેના અને ભાજપ વચ્ચેના ૨૫ વર્ષ જુના ગઠબંધન ઉપર સંકટના ઘેરા વાદળો



છવાઈ ગયા છે. આજે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે તરફથી કરવામાં આવેલી ૧૧૯ સીટોની ઓફરને ભાજપે ફગાવી દીધી હતી. ભાજપે સાફ શબ્દોમાં કહ્યું છે કે, તે ૧૩૦ બેઠકો ઈચ્છે છે અથવા તો કંઈપણ લેશે નહીં. ભાજપે કહ્યું છે કે, ભૂતકાળમાં તેમની પાર્ટીએ ઘણુ બલિદાન આપ્યું છે. હવે શિવસેનાએ આના માટે પહેલ કરવી જોઈએ. આ અગાઉ સવારે શિવસેનાની કારોબારીની બેઠકમાં બેઠકોની વહેંચણીને લઈને વાતચીત થઈ હતી. આ બેઠકમાં ઉદ્ધવ ઠાકરેએ શિવસેનાને ૧૫૧, ભાજપને ૧૧૯ અને નાના પક્ષોને ૧૮ બેઠકો આપવાની વાત કરવામાં આવી હતી. જો કે, ભાજપે શિવસેનાની ૧૧૯ બેઠકોની ઓફરને ફગાવી દીધી છે. ઉદ્ધવ ઠાકરે દ્વારા નવી ફોર્મ્યુલા રજૂ કરવામાં આવી હતી. ભાજપના નેતા એકનાથ ખડસેએ કહ્યું હતું કે, મહાયુતિને મજબૂત કરવા માટે શિવસેના સમક્ષ એક દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે જે સીટો ઉપર બંને પાર્ટીઓ ઉપર જીત મળતી નથી તે બેઠકોમાં સુધારા કરવા જોઈએ. એવી ૫૯ સીટ છે જેના પર શિવસેનાને જીત મળતી નથી જ્યારે ૧૯ બેઠકો એવી છે જ્યાં ભાજપને જીત મળી શકતી નથી. ભાજપના નેતા વિનોદ તાવડેએ કહ્યું હતું કે, શિવસેના જે બેઠકો ઉપર ૨૦૦૦ વોટ પણ મેળવી શકતી નથી તે બેઠકોમાં સુધાર કરવા જોઈએ પરંતુ શિવસેના સાંભળવા માટે તૈયાર નથી. તેમણે કહ્યું હતું કે, ગઠબંધનમાં કોઈપણ છેલ્લી ફોર્મ્યુલા હોતી નથી. ભાજપે સ્પષ્ટતા કરી છે કે, જે પાર્ટી વધારે સીટ જીતવામાં સક્ષમ છે તે પાર્ટીને વધારે સીટો મળવી જોઈએ. ભાજપે કહ્યું છે કે, શિવસેનાના કહેવાતા છેલ્લા પ્રસ્તાવમાં નવી કોઈ વાત નથી. અમે પહેલા પણ ૧૧૯ બેઠકો ઉપર ચૂંટણી લડતા રહ્યા છીએ. આ મડાગાંઠ વચ્ચે ભાજપના નેતાઓના એક પ્રતિનિધિમંડળે દિલ્હીમાં મળવાની તૈયારી બતાવી છે. એવું જાણવા મળી રહ્યું છે કે, છેલ્લી ઘડીના પ્રયાસરૂપે આ વાતચીત ચાલશે. જો વિવાદનો ઉકેલ આવશે નહીં તો બંને પાર્ટીઓ વચ્ચે અઢી દશકથી ચાલતા ગઠબંધનમાં ભંગાણ નિશ્ચિત છે. મહારાષ્ટ્ર ભાજપના નાયબ અધ્યક્ષે કહ્યું છે કે, ભાજપ પોતાના અંકુશવાળા અખબારથી સાથી મિત્રોના ક્યારેય અપમાન કર્યા નથી. અમે સાથી પક્ષોની હંમેશા પ્રશંસા કરી છે. આ અગાઉ શિવસેનાએ ભાજપને ૧૨૫ બેઠકો પર ચૂંટણી લડવાની ઓફર કરી હતી. છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં શિવસેના ૧૬૯, ભાજપ ૧૧૯ બેઠકો ઉપર ચૂંટણી લડી હતી.

## ગઠબંધન બચાવી લેવા છેલ્લી ઘડીના પ્રયાસો કરાઈ રહ્યા છે

મુંબઈ,તા. ૨૧

ભાજપ-શિવસેના કટોકટી વચ્ચે ઉદ્ધવ ઠાકરે આજે આક્રમક મુડમાં દેખાયા હતા. ઉદ્ધવે કહ્યું હતું કે, નાના મુદ્દા મોટા બની ગયા છે. મુખ્ય બાબત એ છે કે, મહારાષ્ટ્રથી કોંગ્રેસનો સફાયો જરૂરી છે. અમને અપમાનિત કરવાના પ્રયાસ કરવામાં ન આવે. જો ખેંચતાણ જારી રહેશે તો શિવસેના જવાબ આપવા તૈયાર છે. ૨૫ વર્ષથી હિન્દુત્વના આધાર પર ગઠબંધન ચાલ્યું છે. જો આ ગઠબંધન તુટશે તો દુખ થશે. તેમણે કહ્યું હતું કે, શિવસેનાની કારોબારીની બેઠકમાં ચર્ચા થઈ ચુકી છે. મહારાષ્ટ્રની પ્રજા સત્તા સોંપવા માટે તૈયાર છે પરંતુ અમે નાના મુદ્દાઓને મોટા બનાવી રહ્યા છે. પરિણામ વગર સતત ચર્ચા થઈ રહી છે. ઉદ્ધવે એમ પણ કહ્યું હતું કે, આ તેમના અસ્તિત્વની લડાઈ છે. લોકસભાની ચૂંટણી દરમિયાન તેઓએ ભાજપની વાત સાંભળી હતી. ચૂંટણીમાં ગોપીનાથ મુંડે પણ હતા જેથી કોઈ તકલીફ થઈ ન હતી. હવે શિવસેનાની વાત ભાજપે સ્વીકારવી જોઈએ. ઉદ્ધવે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, શિવસેનાને



૧૫૧ બેઠકો મળવી જોઈએ. ઉદ્ધવે કહ્યું હતું કે, ગુજરાતમાં જ્યારે કોમી રમખાણો ફાટી નિકળ્યા ત્યારે બાલ ઠાકરેએ નરેન્દ્ર મોદીને ટેકો આપ્યો હતો. શિવસેના દ્વારા આપવામાં આવેલા બલિદાનની યાદ અપાવી હતી. ઉદ્ધવે એમ પણ કહ્યું હતું કે, ગઠબંધનને બચાવી લેવાના છેલ્લી ઘડીના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઉદ્ધવ પક્ષની બેઠકમાં ખુબ જ આક્રમક દેખાયા હતા. ગુજરાતમાં કોમી રમખાણો થયા ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે મોદીને દૂર કરવાની દરેકે ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ બાલ ઠાકરે મોદીની સાથે રહ્યા હતા. ઘણા લોકો એમ પણ માની રહ્યા છે કે, પેટાચૂંટણીમાં ભાજપને પીછેહઠનો સામનો કરવો પડતા શિવસેનાએ કઠોર વલણ અપનાવ્યું છે.

**વાડને ભારે નુકસાનથી ઘુસણખોરીનો ખતરો**

## અંકુશરેખા, આંતરરાષ્ટ્રીય સરહદે પુરના લીધે નુકસાન

ઉધમપુર,તા.૨૧

જમ્મુ કાશ્મીરમાં તાજેતરમાં જ વિનાશકારી પુરના પરિણામ સ્વરુપે એલઓસી અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ૫૦ કિલોમીટર સુધીના માર્ગ ઉપર વાડને નુકસાન થયું છે. સુરક્ષા દળો દ્વારા હવે યુદ્ધના ધોરણે શિયાળાની શરૂઆત પહેલા સરહદ પારથી ઘુસણખોરીને રોકવા સમારકામની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, સેનાને એવી દહેશત છે કે, આતંકવાદીઓ પરિસ્થિતિનો લાભ લઈને ઘુસણખોરી કરી શકે છે. વાડને વ્યવસ્થિત કરવા ૨૪ કલાકની કામગીરી ચાલી રહી છે. સેનાના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, અંકુશરેખા પર જુદા જુદા વિસ્તારમાં ૨૦થી ૨૫ કિલોમીટરના સરહદી વાડને નુકસાન થયું છે. કાશ્મીર અને જમ્મુ પ્રદેશ બંનેમાં વાડને અસર થઈ છે. આવી જ રીતે બીએસએફના અધિકારીએ કહ્યું છે કે, જમ્મુ ફ્રન્ટીયરમાં આઈબી ઉપર ૧૪ કિલોમીટર માર્ગ ઉપર વાડને નુકસાન થયું છે. જમ્મુ જિલ્લામાં કારગિલથી અખનુર સુધી જમ્મુ, કાશ્મીર અને લડાખ પ્રદેશ મારફતે ૭૩૪ કિલોમીટરની અંકુશરેખા જમ્મુ કાશ્મીર ધરાવે છે જ્યારે સાંબા, જમ્મુ, કથુઆ મારફતે પંજાબ પટ્ટાથી અખનુર સુધી ૧૯૦ કિલોમીટર લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ છે. જમ્મુ કાશ્મીરમાં ભારત પાકિસ્તાન સરહદ ઉપર એન્ટી ઈન્ફલીટ્રેશન ઓબસ્ટેકલ સિસ્ટમ ગોઠવવામાં આવી છે. ૭૪૦ કિલોમીટર લાંબી સરહદ ઉપર એઆઈઓએસની વ્યવસ્થા છે. આ પૈકી ૫૫૦ કિલોમીટરની એલઓસી ઉપર ફલડલાઈટ સાથે વાડની વ્યવસ્થા છે.

## હવે એસએમએસથી ટ્રેનમાં મનપસંદ ભોજન મંગાવાશે

**રેલવે મોબાઇલ ફોન ઉપર આધારિત સર્વિસને શરૂ કરશે**

**૨૫મી સપ્ટેમ્બરથી કેટલીક ટ્રેનોમાં પ્રાયોગિક ધોરણે સેવા**

નવી દિલ્હી,તા. ૨૧

ટ્રેનમાં મુસાફરી કરતા પ્રવાસીઓ માટે સારા સમાચાર છે. કારણ કે હવે ટુંક સમયમાં જ ટ્રેનમાં એસએમએસથી મનપસંદ ભોજનનો ઓર્ડર આપી શકાશે. આના માટે રેલવે મોબાઈલ ફોન પર આધારિત સર્વિસ શરૂ કરી રહી છે. જેના કારણે યાત્રીઓને ભોજન માટેના અનેક સારા વિકલ્પ મળશે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે ઈ કેટેરિગ સર્વિસમાં સામેલ એસએમએસ પર આધારિત આ સર્વિસને ૨૫મી સપ્ટેમ્બરથી કેટલીક ટ્રેનોમાં શરૂ કરવામાં આવસે. ઈ-કેટેરિંગ સર્વિસ પર ધ્યાન રાખનાર આઈઆરસીટીસી એસએમએસ મારફતે ઓર્ડર માટે એક નંબરને અંતિમ ઓપ આપવાની તૈયારીમાં છે. વ્યાપક ફરિયાદો બાદ રેલવે ટ્રેનોમાં ભોજનની સુવિધાઓને વધારે યોગ્ય બનાવવામાં વ્યસ્ત છે. અધિકારી કહ્યું છે કે અમારો મુખ્ય હેતુ યાત્રીઓને વધુને વધુ વિકલ્પ આપવાનો છે. હાલમાં ચાલી રહેલી પેન્ટ્રીકાર વાળી સર્વિસ પણ ચાલુ રહેશે. આ ઉપરાંત યાત્રી એસએમએસ કરીને પણ ભોજન મંગાવી શકશે. આમાં યાત્રીને એક ચોક્કસ નંબર પર પોતાના પીએનઆર નંબર મોકલવાના રહેશે. ત્યારબાદ આ કામ માટે બનાવવામાં આવેલી એક ટીમ તેમનો સંપર્ક કરશે. અધિકારીએ કહ્યું છે કે ટ્રેનમાં પીએનઆર સ્ટેટસ અને બર્થ પોઝિશનની ઓનલાઈન ચકાસણી કરવામાં આવ્યા બાદ ફુડ ઓર્ડર કરવા માટે યાત્રીને કોલ કરવામાં આવશે. યાત્રીનો ભોજનની ડિલિવરી બાદ નાણાં આપવાના રહેશે. એસએમએસ સર્વિસ ઉપરાંત રેલવે ટુંક સમયમાં ઓનલાઈન ઓર્ડર સિસ્ટમ પણ શરૂ કરશે. જેનાથી યાત્રી પોતાના ભોજનના ઓર્ડર ઈન્ટરનેટ મારફતે પણ કરી શકશે. તાજેતરમાં જ રેલવ દ્વારા ટ્રાયલ માટે કેટલીક ટ્રેનોમાં પેકેજડ ફુડની સર્વિસ શરૂ કરવામાં આવી છે. આને લઈને લોકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. હવે રેલવે અનેક કંપનીઓની સાથે આ મુદ્દે વાતચીતમાં વ્યસ્ત છે.ટુંક સમયમાં જ અંતિમ નિર્ણય કરવામાં આવશે.

## શારદા પ્રકરણ : ચિદમ્બરમના પત્નિની કઠોર પુછપરછ થઈ

નવીદિલ્હી,તા. ૨૧

સમગ્ર દેશને હચમચાવી મુકનાર કરોડો રૂપિયાના શારદા ચીટ ફંડ કૌભાંડના સંદર્ભમાં ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન પી. ચિદમ્બરમના પત્નિ નલીનીની સીબીઆઈના અધિકારીઓ દ્વારા આજે આકરી પુછપરછ હાથ ધરવામાં આવી હતી. આ કૌભાંડના સંબંધમાં સીબીઆઈ દ્વારા પુછપરછ કરવામાં



આવનાર અગ્રણી લોકોની યાદીમાં નલીની પણ જોડાઈ ગઈ છે. સીબીઆઈએ અગાઉ આ કેસના સંબંધમાં પશ્ચિમ બંગાળના શાસક તૃણમુલ કોંગ્રેસના એક નેતા, ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસની ધરપકડ કરવામાં આવી ચુકી છે. આ ઉપરાંત સીબીઆઈ દ્વારા ટીએમસીના રાજ્ય સભાના સાંસદ શ્રીન્જોયની પણ પુછપરછ કરવામાં આવી ચુકી છે. આ કૌભાંડના સંબંધમાં રાજ્ય પોલીસ અધિકારી રજત મજુમદારની ધરપકડ કરવામાં આવી ચુકી છે. મજુમદાર કલંકિત શારદા ગ્રુપ માટે સિક્યુરિટી એડવાઈઝર તરીકે કામ કરી ચુક્યા છે. તેમની નિવૃત્તિ બાદ આ ગ્રુપ માટે સિક્યુરિટી એડવાઈઝર તરીકે તેઓ હતા. વર્ષ ૨૦૦૮માંલ પોલીસ અધિકારી તરીકે તેઓ નિવૃત્ત થયા હતા. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી પણ આ કૌભાંડના કારણે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તેમની પાર્ટી અને મમતા બેનરજી બંને ઉપર ભાજપ સહિતના રાજકીય પક્ષો આક્ષેપ કરી રહ્યા છે. સીબીઆઈ દ્વારા એક પછી એક ટોચના લોકોની પુછપરછ કરાઈ રહી છે.

## એલઆઈસી માર્કેટમાં ૩ ટ્રિલિયન રૂપિયાનું જંગી રોકાણ કરશે

મુંબઈ,તા. ૨૧

દેશની સૌથી મહાકાય વીમા કંપની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (જીવન વીમા નિગમ) દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે તે આ વર્ષમાં માર્કેટમાં ત્રણ ટ્રિલિયન રૂપિયાનુ જંગી રોકાણ કરવાની યોજના ધરાવે છે. એલઆઈસીના ચેરમેન સુર્યકુમાર રોયે એક કાર્યક્રમ દરમિયાન આ મુજબની વાત કરી હત. તેમણે કહ્યું હતું કે પુરગ્રસ્ત જમ્મુ કાશ્મીરમાં એલઆઈસી આશરે ૧૩ લાખ કસ્ટમર ધરાવે છે. તેમણે કહ્યું હતું કે આ વિનાશકારી હોનારતની નાણાંકીય અસર કંપની પર ખુબ ઓછી રહી છે. તેમણે કહ્યું હતું કે અમારા પર અસર ખુબ ઓચી છે. ગયા વર્ષે પુર અને ભેખડો ધસી પડવાના કારણે ઉત્તરાખંડમાં વ્યાપક નુકસાન થયા બાદપણ અમારા પર નાણાંકીય અસર ખુબ ઓછી રહી હતી. ૪૩૫ ક્લેઈમમાંથી સાત કરોડની આસપાસની રકમ રહી હતી. જ્યારે કાશ્મીરમાં મોતનો આંકડો ૩૦૦ કરતા ઓછો રહ્યો છે. તેમણે કહ્યું હતું કે હજુ સુધી કોઈ



ક્લેઈમ કરવામાં આવ્યા નથી. એલઆઈસી દેશની મહાકાય અને વિશ્વસનીય કંપનીઓમાં રોકાણ ધરાવે છે. જેમાં આઈટીસી, એલએન્ડટી, ઓએનજીસી, એસબીઆઈ, આરઆઈએલ, આઈસીઆઈસીઆઈ બેંક, ટીસીએસ, એનટીપીસી, એચડીએફસી બેંક અને એમએન્ડએમનો સમાવેશ થાય છે. રોયે માહિતી આપતા કહ્યું હતું કે પુરગ્રસ્ત જમ્મુ કાશ્મીરમાં એલઆઈસી ૧૨.૭ લાખ પોલિસી ધારકો ધરાવે છે. રોયે કહ્યું હતું કે છેલ્લા નાણાંકીય વર્ષની રાજ્યમાં અમારી એસોર્ડ રકમ ૧૬૪૩૫ કરોડ રૂપિયા હતી. ગયા વર્ષે ઉત્તરાખંડમાં પુર બાદ સેંકડો લોકો માર્યા ગયા હતા. એલઆઈસીને ૯.૮ કરોડની કિંમતના માત્ર ૪૩૫ ક્લેઈમ મળ્યા હતા. તેમણે ઉમેર્યુ હતું કે આ ૪૩૫ ક્લેઈમ પૈકી ૯૮ ટકા ક્લેઈમ અસરગ્રસ્ત રાજ્ય બહારના હતા. ઓએનજીસીમાં એલઆઈસી રોકાણ આજે ૨૮૫૯૪ કરોડની આસપાસ છે. એસબીઆઈમાં રોકાણ ૨૮૪૨૨ કરોડ છે. જ્યારે એનટીપીસીમાં હિસ્સેદારી કિંમત એક વર્ષ અગાઉ ૯૪૩૨ કરોડની સામે હવે ૧૦૦૧૧ કરોડ છે.તેમણે કહ્યું હતું કે ઈક્વિટીમાં આ વર્ષે રોકાણ સૌથી વધારે રહેશે. વર્ષ ૨૦૧૦માં ૬૧૦૦૦ કરોડનુ રોકાણ કરવામાં આવ્યા બાદ હવે હાઈએસ્ટ રહેશે. ટોપ ટેન કંપનીઓમાં એલઆઈસીનુ રોકાણ આજે ૪.૧૨ ટ્રિલિયન થયું છે. જે ગયા સપ્ટેમ્બર મહિનામાં ૨.૮૪ ટ્રિલિયન હતુ.

## અમેરિકી પ્રવાસી માટે વિઝા ઓન એરાઈવલ

નવીદિલ્હી,તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૬મી સપ્ટેમ્બરથી અમેરિકાની હાઈપ્રોફાઈલ સત્તાવાર યાત્રા શરૂ થઈ રહી છે ત્યારે અમેરિકી પ્રવાસીઓ માટે ભારત વિઝા ઓન એરાઈવલની સુવિધા આપવાની દરખાસ્ત ઉપર વિચારણા કરી રહ્યું છે. નરેન્દ્ર મોદીની યાત્રા વેળા જ આની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. ગૃહમંત્રાલય દ્વારા સમયસર આ દરખાસ્તને આખરી ઓપ આપવા માટે કામગીરી કરવામાં આવી રહી છે. ગૃહમંત્રાલય નરેન્દ્ર મોદીની યાત્રા પહેલા આને આખરીઓપ આપે તેવી શક્યતા છે. ગૃહમંત્રાલયની પ્રવાસ મંત્રાલય સાથે આ મુદ્દે વાતચીત ચાલી રહી છે. અમેરિકી નાગરિકોને આના લીધે ખુબ મોટો ફાયદો થશે. નવી દરખાસ્ત હેઠળ રોકાવવા માટેની અવધિ ૩૦ દિવસની રહેશે. આ સુવિધા ૧૧ દેશોના નાગરિકોને આપવામાં આવેલી છે જેમાં જાપાન, ફિનલેન્ડ, ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયાના નાગરિકોનો સમાવેશ થાય છે. અમેરિકી પ્રવાસીઓની સંખ્યામાં હાલમાં વધારો થયો છે.

## પાવરફુલ મહિલાની યાદીમાં ૮ ભારતીયો સામેલ : રિપોર્ટ

**ચંદા કોચર એશિયા પેસિફિકમાં શક્તિશાળી મહિલાઓની યાદીમાં બીજા ક્રમાંક પર**

નવીદિલ્હી,તા.૨૧

એશિયા પેસિફિક પ્રદેશમાં સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં આઠ ભારતીય મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ફોર્ચ્યુનની ૨૫ સૌથી શક્તિશાળી મહિલાઓમાં આઈસીઆઈસીઆઈ બેંકના વડા ચંદા કોચર ભારતીય મહિલાઓનું નેતૃત્વ કરી રહ્યા છે. ભારતીય મહિલાઓમાં ચંદા કોચર સૌથી આગળ છે. પ્રદેશમાં તેઓ બીજા ક્રમાંક ઉપર છે જ્યારે અન્ય ત્રણ મહિલાઓ એસબીઆઈના અરૂધંતી ભટ્ટાચાર્ય, એચપીસીએલના નિશી વાસુદેવ અને એક્સિસ બેંકના શીખા શર્મા ટોપ



ટેનમાં સ્થાન મેળવી લેવામાં સફળ રહ્યા છે. ચંદા કોચર યાદીમાં બીજા સ્થાને છે જ્યારે ભટ્ટાચાર્ય ચોથા, નિશી વાસુદેવ પાંચમાં અને શીખા ૧૦માં ક્રમાંક ઉપર છે. ઓસ્ટ્રેલિયન બેંકિંગ વેસ્ટ પેકના ગેઈલ કેલી પ્રથમ સ્થાન ઉપર છે. ટોપ ૨૫ની યાદીમાં અન્ય જે ભારતીય મહિલાઓ સ્થાન મેળવી શકી છે તેમાં બાયોકોનના કિરણ મઝુમદાર, નેશનલ સ્ટોક એક્સચેંજના સીઈઓ ચિત્રા રામકૃષ્ણા, એચએસબીસીના નૈનાલાલ કિડવાઈ અને ટીએએફઈના ચેરમેન મલ્લિકા શ્રીનિવાસનનો સમાવેશ થાય છે. નવેસરની રેંકિંગ જારી કરતા ફોર્ચ્યુને કહ્યું છે કે, વિશ્વભરમાં મહિલાઓ હવે ટોપના હોદ્દાઓ મેળવી રહી છે.

ભટ્ટાચાર્ય અને વાસુદેવ નવી એન્ટ્રી તરીકે છે. ભારતીયોમાં ભટ્ટાચાર્ય બીજા ક્રમાંકે છે. ચંદાકોચર વર્ષોથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં સ્થાન મેળવતા રહ્યા છે. ઈન્ડિયન ઓઈલ કંપનીના વડા તરીકેની જવાબદારી સંભાળના ૫૮ વર્ષીય વાસુદેવ પ્રથમ મહિલા છે. વિશ્વની સૌથી શક્તિશાળી બિઝનેસ મહિલામાં પેપ્સીકોના ઈન્દ્રા નુઈ ત્રીજા ક્રમાંક ઉપર છે.

## ફ્રાંસ દ્વારા ભારતને અપીલ : મિસાઇલ પ્રોજેક્ટ અંગે નિર્ણય કરવા અપીલ થઇ


નવીદિલ્હી,તા.૨૧

ભૂમિથી હવામાં પ્રહાર કરવા સક્ષમ સિસ્ટમના સંયુક્ત ઉત્પાદન માટે ૩૦૦૦૦ કરોડના લાંબા સમયથી પેન્ડિંગ રહેલા પ્રોજેક્ટને આખરીઓપ આપવા ફ્રાંસે હવે ભારતને અપીલ કરી છે. આ પ્રોજેક્ટ લાંબા સમયથી અટવાઈ પડ્યો છે. ૩૦૦૦૦ કરોડના પ્રોજેકટને આગળ વધારવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. એક પત્રમાં ફ્રાંસના સંરક્ષણ મંત્રાલયે તેના ભારતીય સમકક્ષને કહ્યું છે કે, વહેલી તકે નિર્ણય જરૂરી છે. ટેકનોલોજી ટ્રાન્સફરના આધારે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવનાર છે. ફ્રાંસ સરકારનું સૂચન છે કે, આ પ્રોજેકટથી ભારતને વ્યૂહાત્મક મિસાઈલો ઝડપથી મળી શકશે. એસઆર-એસએએમ ભારત અને ફ્રાંસ વચ્ચે સંયુક્ત સાહસના ભાગરુપે છે. ડીઆરડીઓ અને ફ્રાંસની બહુરાષ્ટ્રીય કંપનીને આ પ્રોગ્રામ માટે રોકવામાં આવી છે. આ સમજૂતિ હેઠળ છેલ્લા પાંચ વર્ષથી વાતચીત ચાલી રહી છે. ૨૦૧૩માં ફ્રાંસના પ્રમુખ અને તત્કાલિન વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા આ સમજૂતિ પર વાતચીત થઈ હતી પરંતુ ત્યારબાદ આ પ્રોજેક્ટ આડે ઘણી અડચણો ઉભી થઈ છે.

## બેંગ બેંગ પૈસા વસુલ ફિલ્મ સાબિત થશે : રિતિકનો મત

મુંબઈ,તા. ૨૧

ઋત્વિક રોશન અને કૈટરીના કૈફ અભિનીત ફિલ્મ ઓક્ટોબર મહિનામાં રજૂ થવા જઈ રહી છે. આ ફિલ્મના ટ્રેલર અને ગીતો પહેલાથી જ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહ્યા છે. મળેલી માહિતી મુજબ આ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર વધુ સફળતા મેળવે તેવી શક્યતા છે. ઋત્વિકની છેલ્લે ક્રિશ-૩ ફિલ્મ રજૂ થઈ હતી જેને બોક્સ ઓફિસ ઉપર રેકોર્ડ સફળતા મળી હતી અને આ ફિલ્મ ઓલટાઈમની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ તરીકે સાબિત થઈ હતી. હવે બેંગબેંગ પણ આવી જ સફળતા મેળવે તેવી શક્યતા દેખાઈ રહી છે. અભિનેતા ઋત્વિક રોશનનું કહેવું છે કે, આ ફિલ્મમાં તે પોતાની સ્ટાઈલમાં રજૂ થનાર છે. તેની વાસ્તવિક સ્ટાઈલમાં તે રજૂ થનાર છે. બેંગબેંગ એવી પ્રથમ ફિલ્મ છે જેમાં ઋત્વિક રોશન તેના અંદાજ કરતા જુદા અંદાજમાં વધુ એક્શન



સાથે નજરે પડનાર છે. કહોના પ્યાર, કોઈ મિલ ગયા, લક્ષ અને ગુજારીશ જેવી ફિલ્મોમાં ઋત્વિક રોશને ગંભીર પાત્રની ભૂમિકા ભજવી હતી. ઋત્વિક રોશને ૧૪ વર્ષ અગાઉ રાકેશ રોશનની ફિલ્મ કહોના પ્યાર હે સાથે પોતાના કેરિયરની શરૂઆત કરી હતી. તે બોલીવુડના ટોચના સ્ટારમાં સ્થાન ધરાવે છે. બેંગબેંગ હોલીવુડ સુપરહિટ ફિલ્મ નાઈટ એન્ડ ડેની સત્તાવાર રિમેક ફિલ્મ છે. આમા માઈકલ જેક્શનને શ્રદ્ધાંજલિ પણ આપવામાં આવનાર છે. નિર્ધારિત સમય મુજબ બેંગબેંગ ફિલ્મ બીજી ઓક્ટોબરના દિવસે ભારતભરમાં રજૂ કરવામાં આવનાર છે. ઓક્ટોબર મહિનામાં જ શાહરુખખાનની હેપ્પી ન્યુયર ફિલ્મ પણ રજૂ કરવામાં આવનાર છે. આ બંને ફિલ્મો વચ્ચે જોરદાર સ્પર્ધા જામે તેવા સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે. બેંગ બેંગ ફિલ્મ પૈસા વસુલ ફિલ્મ હોવાનો દાવો ઋત્વિક દ્વારા કરાયો છે. ફિલ્મના ગીતો હાલ લોકપ્રિયતા મેળવી રહ્યા છે.

## કરદાતાઓ માટે સિંગલ વિન્ડો વેબસાઈટ બનશે

નવીદિલ્હી,તા.૨૧

નાણાપ્રધાન અરુણ જેટલી આજે કરદાતાઓ માટે નવી સિંગલ વિન્ડો વેબસાઈટ લોંચ કરશે. જેટલીનું કહેવું છે કે, કરદાતાઓને આનાથી ફાયદો થશે. પાનકાર્ડ માટે અરજી અથવા તો રિટર્ન ફાઈલ કરવા જેવી આઈટી સાથે સંબંધિત કામગીરી વધુ ઝડપથી સિંગલ વેબસાઈટ ઉપરથી કરી શકશે. જેટલીએ એમ પણ કહ્યું છે કે, કરદાતાઓને વધુ રાહત મળે તે હેતુસર પગલા લેવાઈ રહ્યા છે. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટની પ્રવર્તમાન વેબસાઈટમાં અપડેટ વર્ઝન મુકવામાં આવી રહ્યા છે. તમામ પ્રવૃત્તિ માટે સિંગલ વિન્ડોની સુવિધા રહેશે. આઈટી વિભાગ દ્વારા ઓફર કરવામાં આવેલી ઓનલાઈન સર્વિસમાં પણ લોકોને ફાયદો થશે. આ વેબસાઈટ વધુને વધુ લોકલક્ષી રહેશે જેથી એક જ સમયે ઘણા કામ કરી શકાશે.

નવી વેબસાઈટમાં નવી સુવિધાઓ રહેશે. કરદાતાઓ ઓનલાઈન આઈટી રિટર્ન ફરી શકશે. સાથે સાથે આ પોર્ટલથી પાન માટેની અરજી પણ કરી શકાશે. હાલમાં જુદી જુદી સત્તાવાર વેબસાઈટનો ઉપયોગ આના માટે કરવો પડે છે.

## સમાચાર ઝલક

- લોકલ ટ્રેનના દરવાજે ઉભા રહી જઈને અન્ય પ્રવાસીઓને અટકાવનારા અને દાદાગીરી કરનારા લોકોને હવે જેલ ખાવી પડશે.
- ૩૮ વર્ષના હરપ્રીતે રિવર્સ ગેરમાં ૧૬,૨૫૦ કિલોમટીર ગાડી ચલાવીને આંતરરાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો.
- સુભાષબ્રિજ ખાતે મહિલાની ઝેરી દવા ગટગટાવી આપઘાત.
- અમદવાદ એરપોર્ટ પરથી રૂ. ૨૫.૪૪લાખનું સોનું પકડાયું.
- બહેન અને મિત્રો સાથે લંડનમાં વેકેશન મનાવતી આલિયા ભટ્ટ.
- ખેલૈયાઓના ટ્રેડીશનલ ચણીયાચોળી ઉપર હવે કલરફુલ લઈટીંગ દેખાશે.
- આશાપુરા નીજ મંદિરમાં સિંહાસનને ત્રણ કિલો સોનાનો શણગાર અપાયો.
- મહુવાની ૧૮૬ શાળાઓમાં માત્ર ૧૩ મુખ્ય શિક્ષક કાર્યરત છે..!
- બરવાળાના પોલારપુર ગામે બે જુથ વચ્ચે અથડામણ : નવ શખ્સો ઘવાયા.
- બ્રેઈન હેલ્ધી લાઈફ સ્ટાઈલના માધ્યમથી સ્મૃતિભ્રંશના રોગને કાબુમાં રાખી શકાય.
- વિંઝોલમાં ચડ્ડી-બનિયનધારી ટોળકીનો હુમલો : ૩ લાખની લૂંટ.